# સાબરકાંઠામાં ૬૭.૪૧ ટકા વિક્રમી મતદાન

## હિંમતનગર ખાતે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સંપન્ન થતાં જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી બંછાનિધિ પાનીની પત્રકાર પરિષદ

૦૫- સાબરકાંઠા લોકસભાની સામાન્ય ચૂંટણી અને ૨૭- હિંમતનગર વિધાનસભા પેટાચુંટણીનું મતદાન સમગ્ર જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં સપન્ન થયુ હોવાનું જણાવી કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી બંછાનિધિ પાનીએ આજે હિંમતનગર કલેકટર કચેરી ખાતે આજે પત્રકાર પરીષદમાં પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે સાબરકાંઠા

### સાબરકાંઠા સસંદીય મતદાર વિભાગ

| વિધાનસભા મતદારા વિભાગ | વિધાનસભા મતદાર વિભાગમાં મતદારની સંખ્યા | | | થયેલ મતદાન | | | ટકાવારી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| ૨૭- હિંમતનગર | ૧૨૦૫૧૩ | ૧૧૨૮૭૩ | ૨૩૩૩૮૬ | ૯૦૪૪૩ | ૭૭૬૯૧ | ૧૬૮૧૩૪ | ૭૫.૦૫ | ૬૮.૮૩ | ૭૨.૦૪ |
| ૨૮- ઈડર | ૧૨૫૫૨૫ | ૧૧૮૯૮૮ | ૨૪૪૫૧૩ | ૯૦૯૮૬ | ૭૯૪૪૭ | ૧૭૦૪૩૩ | ૭૨.૪૮ | ૬૬.૭૭ | ૬૯.૭૦ |
| ૨૯- ખેડબ્રહ્મા | ૧૧૦૨૧૬ | ૧૦૪૫૬૬ | ૨૧૪૭૮૨ | ૭૯૩૮૪ | ૭૧૭૦૩ | ૧૫૧૦૮૭ | ૭૨.૦૩ | ૬૮.૫૭ | ૭૦.૩૪ |
| ૩૩- -ંતિજ | ૧૧૬૩૨૨ | ૧૦૭૯૫૦ | ૨૨૪૨૭૨ | ૮૨૪૭૦ | ૬૭૧૯૨ | ૧૪૯૬૬૨ | ૭૦.૯૦ | ૬૨.૨૪ | ૬૬.૭૩ |
| સાબરકાંઠા કુલ | ૪૭૨૫૭૬ | ૪૪૪૩૭૭ | ૯૧૬૯૫૩ | ૩૪૩૨૮૩ | ૨૯૬૦૩૩ | ૬૩૯૩૧૬ | ૭૨.૬૪ | ૬૬.૬૨ | ૬૯.૭૨ |
| ૩૦- ભિલોડા | ૧૩૨૭૬૩ | ૧૨૪૭૦૪ | ૨૫૭૪૬૮ | ૮૬૨૨૦ | ૭૭૮૨૨ | ૧૬૪૦૪૨ | ૬૪.૯૪ | ૬૨.૪૧ | ૬૩.૭૧ |
| ૩૧-મોડાસા | ૧૧૭૬૧૬ | ૧૧૧૦૪૦ | ૨૨૮૬૫૬ | ૮૦૫૭૮ | ૬૭૩૬૨ | ૧૪૭૯૪૦ | ૬૮.૫૧ | ૬૦.૬૬ | ૬૪.૭૦ |
| ૩૨- બાયડ | ૧૦૭૮૫૨ | ૧૦૧૨૩૬ | ૨૦૯૦૮૮ | ૭૩૭૦૯ | ૬૧૬૮૪ | ૧૫૫૩૯૩ | ૬૮.૩૪ | ૬૦.૯૩ | ૬૪.૭૫ |
| અરવલ્લી કુલ | ૩૫૮૨૩૧ | ૩૩૬૯૮૦ | ૬૯૫૨૧૨ | ૨૪૦૫૦૭ | ૨૦૬૮૬૮ | ૪૪૭૩૭૫ | ૬૭.૧૪ | ૬૧.૩૯ | ૬૪.૩૫ |
| કુલ સરવાળો | ૮૩૦૮૦૭ | ૭૮૧૩૫૭ | ૧૬૧૨૧૬૫ | ૫૮૩૭૯૦ | ૫૦૨૯૦૧ | ૧૦૮૬૬૯૧ | ૭૦.૨૭ | ૬૪.૩૬ | ૬૭.૪૧ |

સંસદીય મતદાર વિભાગમાં સરેરાશ ૬૭.૪૧ ટકા મતદાન જયારે હિંમતનગર વિધાનસભા પેટાચુંટણીમાં સરેરાશ૭૦.૦૪ ટકા મતદાન નોંધાયુ છે.

જિલ્લા ચૂંટણી અધીકારીશ્રીએ પત્રકારોને વધુમાં જણાવ્યગું હતું કે મતદાન દરમિયાન એક પણ ઈવેએમમાં ખામી જણાઈ નહી અને સમગ્ર સંસદરીય મત વિસ્તારમાં સામાન્ય ફરિયાદ સિવાય કોઈ મોટી ફરિયાદ મળી નથી એકદંરે હાંતી પૂણ મતદાન સંસદિય મતવિસતારમાં પર્ણ થયુ હતુ -ંતિજ તાલુકા કાલીપુર ગામ ખાતે મતદાનનો બહિષ્કાર કરવાનો રજુઆત હોવા છતાં તે મતદાન ૬૫ ટકા જેટલુ મતદાન જયારે નવા મતદાન સજાપુર ખાતે મતદારેએ ઉત્સાહ પર્વ મતદાન કર્યુ છે. જયારે વુધ્ધ મતદારો પણ મતદાન કરવામાં ઉત્સાહ રાખ્યો છે જે મતદાર વિલચેરમાં પણ આવી શકે ન હોય તેવા ખાટલામાં આવી મતદાન કરી ઉત્સાહ બતાવ્યો હતો

શ્રી પાનેએ માહિત આપતાં ઉમેરવ્યુ હતું કે સાબરકાંઠામાં સૌથી વધુ મતદાન હિંમતનગર વિધાનસભામાં ૭૨.૦૪ અને સૌથી -ંતિજ વિધાનસભામાં ૬૬.૭૩ હતું જયારે અરવલ્લી જિલ્લામાં સૌથી વધુ મતદાન બાયડ વિધાનસભામાં મતદાર વિભાગમાં ૬૪.૭૫ ટકા અને સૌથી ઓછુ મતદાન ભિલોડા ૬૩.૭૩ ટકા મતદાન નોંધાયું હતું સમગ્ર ગુજરાતમાં લગભગ ૧૫ ટકા મતદાનમાં વધારો છે. જયારે સાબરકાંઠા જિલ્લામાં આ વખતે ૧૯ થી ૨૦ ટકા મતદાનમાં વધારો થયો છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી નાગરાજ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં ૪૬૧ મતદાન મથકો ઉપર વેબકાસ્ટીંગનો સફળ -યોગ કરવામાં આવ્યો હતો

સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્ર ધ્વારા કરવામાં આવેલ મતદાન જાગૃતિ અંગેની સજ્જતા વિષે કલેકટરશ્રીએ માહિતી આપતાં જણાવ્યું હતુ કે અગાઉ સાબરકાંઠા જિલ્લામાં લોકસભા સામાન્ય ચુંટણી - ૨૦૦૪ દરમિયાન ૧૨૬૩૮૨૩ કુલ મતદારો પૈકી ૫૯૫૨૯૬ મતદારોએ મતદાન કરતા ૪૭. ૧૦ ટકા મતદાન નોધાયું હતું. જયારે લોકસભા સામાન્ય ચુંટણી - ૨૦૦૯ દરમિયાન ૧૪૪૯૩૪૩ કુલ મતદારો પૈકી ૭૧૭૬૦૯ મતદારોએ મતદાન કરતા ૪૯.૧૧ ટકા મતદાન નોધાયું હતું.

સાબરકાંઠા સંસદીય મતદાર વિભાગમાં સમાવિષ્ટ સાત વિધાનસભાની વર્ષ ૨૦૦૭ની સામાન્ય ચુંટણી દરમિયાન ૧૪૫૦૮૯૧ મતદારો પૈકી ૮૮૯૩૩૮ મતદારો મતદાન કર્યુ હતું જેમાં ૬૧.૨૯ ટકા મતદાન નોંધાયું હતું જયારે ગત વિધાનસભા સામાન્ય ચુંટણી -૨૦૧૨ દરમિયાન ૧૫૧૧૧૧૩ મતદારો પૈકી ૧૧૪૨૯૫૧ મતદારોએ વિક્રમીજનક ૭૫.૬૪ ટકા મતદાન કર્યુ હતું.

# બનાસકાંઠા બેઠક માટે ૫૫.૬૬ ટકા મતદાન

## સૌથી વધુ થરાદ વિધાનસભા બેઠક વિસ્તારમાં ૬૧ ટકા મતદાન



લોકસભાની ચૂંટણીનો ગુજરાતમાં ૨૬ સીટો માટે આજે મતદાન યોજાયું હતું. બનાસકાંઠા જિલ્લામાં પણ આજે મતદાન યોજાયું હતું. સખત ગરમીના લીધે લોકો વહેલી સવારથી જ લાંબી કતારો લગાવી મતદાન કરતા જોવા મળ્યા હતા. બનાસકાંઠા જિલ્લામાં સાંજે ૬ વાગે મતદાન પુરૂ થયા પછી ૫૫.૬૬ ટકા મતદાન થયાનું કલેક્ટર કચેરી સુત્રોથી જાણવા મળ્યુ હતુ. સૌથી વધુ થરાદમાં ૬૧.૧૮ ટકા મતદાન થયું હતું. વિધાનસભા ક્ષેત્ર પ્રમાણે પાલનપુરમાં ૫૬.૬૪ ટકા, વાવમાં ૫૬.૬૩, ધાનેરામાં ૫૫.૫૭, દાંતામાં ૫૮.૫૦, ડીસામાં ૫૩.૦૪ તથા દિયોદરમાં ૫૫.૬૭ ટકા મતદાન થયુ હતુ. (તસવીર : હરેશ જોષી પાલનપુર)

## પાલનપુરમાં પ્રીસાઈડીંગ અધિકારીએ મહિલા મતદારને કમળના નિશાન પર વોટીંગ કરાવતા હોબાળો

પાલનપુર, તા. ૩૦

લોકસભાની ચૂંટણીમાં આજે મતદાનના દિવસે પાલનપુર શહેરના એક બુથ પર ફરજ બજાવતા મહિલા પ્રીસાઈડીંગ અધિકારીએ મહીલા મતદારનો મતદાર કુટીર સુધી લઈ જઈ કમળના નિશાન પર મતદાના કરાવતા ભારે હોબાળો સર્જાયો હતો અને મહા મહેનતે મામલો થાળે પડાયો હતો.



પાલનપુર શહેરના લઘુમતી વિસ્તારમાં આવેલ કમલાપુરા પ્રા. શાળામાં આજે સવારે એક મહિલા મતદાન કરવા આવેલ ત્યારે ફરજ પરના પ્રીસાઈડીંગ મહિલા અધિકારીએ મતદાન કરવા આવેલ મહિલાને કુટીર સુધી લઈ જઈ તેની આંગળી કમળના નિશાન પર રખાવી પુશ કરાતા મહિલા મતદાર બહાર આવી બીજા લોકોને આ વાત જણાવતા ભારે હોબાળો સર્જાયો હતો. અને પ્રીસાઈડીંગ અધિકારીને હટાવોના નારા સાથે લોકોએ અફરાતફરી મચાવતા અંદાજીત ૩૦ મિનિટ સુધી મતદાન ખોરવાયુ હતુ જો કે ઘટના સ્થળે ઉચ્ચ અધિકારીઓ પોલીસકુમક સાથે પહોંચતા મામલો થાળે પડ્યો હતો.

# પ્રાંતિજમાં શાંતિપૂર્ણ મતદાન

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાતની ૨૬ બેઠકો ઉપર આજે મતદાન થયું હતું. જેમાં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં અંદાજે ૬૫ ટકા મતદાન નોંધાયું હતું.




પ્રાંતિજમાં વહેલી સવારથી જ મતદાન મથકોમાં ધીમી ગતીએ મતદાન શરૂ થયુ હતુ જયારે બપોર બાદ અચાનક જ મતદારોની મોટી કતારો લાગવા માંડી હતી. તો સાબરકાંઠા બેઠકના ભાજપના સ્થાનિક ઉમેદવાર દિપસિંહ રાઠોડે પણ પોતે પ્રાંતિજ તાલુકાના વાઘપુરથી મતદાન કર્યુ હતું.

મતદાનને લઈ પ્રાંતિજમાં ચૂંટણી અધિકારી અને મામલતદાર દ્વારા યોગ્ય વ્યવસ્થા ગોઠવાતા શાંતિભર્યા વાતાવરણમાં અંદાજે સાંજે ૬ કલાક સુધી ૬૫ ટકા જેટલુ મતદાન થયું હતું અને ૧૦ ઉમેદવારોના ભાવી ઈ.વી.એમ.માં કેદ થઈ ગયા છે.

## પાલનપુરમાં ગઠામણ દરવાજા અને કિર્તી સ્તંભ મતદાન મથકો પર નવ દંપતીએ કર્યું મતદાન

પાલનપુર, તા.૩૦




પાલનપુરમાં આજે લોકસભા ચુંટણીમાં બે નવદંપતીઓએ મતદાન મથકે પહોંચી અને પવિત્ર મતદાન કરી તંદુરસ્ત લોકશાહીને મજબૂત કરી હતી.

શહેરના ગઠામણ દરવાજા ગર્લ્સ હાઈસ્કુલ મતદાન મથકે મનિષ મનહરલાલ શાહે તેમના આજે લગ્ન હોઈ મંડપમાંથી સીધા જ પોતાનો મત આપવા મતદાન મથકે પહોંચ્યા હતા. જયારે કીર્તિ સ્તંભ પ્રાથમિક શાળામાં પણ આજે ઢૂંઢીયાવાડી ખાતે રહેતા સિન્ધી શંકરભાઈ લુહાણાએ તેમની લગ્નવિધિ પતાવીને તંદુરસ્ત લોકશાહીનું દૃષ્ટાંત પુરું પાડયું હતું. તે વેળાએ ચુંટણી અધિકારી-ફરજ પરના કર્મચારીઓ અને નવદંપતિને વોટીંગ કર્યા બાદ થેકસ કહ્યું હતું.

# મહેસાણામાં અંદાજે ૬૭ ટકા મતદાન

મહેસાણા, તા. ૩૦

આજે ૧૬મી લોકસભાની ચૂંટણીમાં ગુજરાત રાજ્યની કુલ ૨૬ બેઠકો માટે મતદાન યોજાયું હતું. જેમાં ૪-મહેસાણા લોકસભા મત વિસ્તારમાં અંદાજે ૬૭ટકા મતદાન થયું હોવાના અહેવાલ આવ્યા છે. મહેસાણા લોકસભા સીટ પર બપોરના ત્રણ વાગ્યા સુધીમાં ૫૨.૧૨ ટકા મતદાન થયું હતું. સને ૨૦૦૯ની ચૂંટણીની તુલનાએ આ વખતે વધુ મતદાન થયું હતું.

મહેસાણા સંસદીય મતક્ષેત્રમાં સમાવિષ્ટ સાત વિધાનસભા મત વિભાગો ૨૧ ઊંઝા, ૨૨ વિસનગર, ૨૩ બેચરાજી, ૨૪ કડી (અ.જા.) ૨૫ મહેસાણા, ૨૬ વિજાપુર અને ૨૭ માણસામાં આજે મતદાનના દિવસે સવારના સાત વાગ્યાથી મતદાનનો પ્રારંભ થયો હતો. સવારના સમયે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના મતદાન મથકોએ પુરૂષ અને સ્ત્રી મતદારોની કતારો જોવા મળી હતી. બપોરના સમયે ઉનાળાની સખ્ત ગરમીના કારણે મતદાન મથકોએ મતદારોની પાંખી હાજરી જણાઈ હતી. કેટલાક મતદાન કેન્દ્રો સૂમસામ ભાસતા હતા. જો કે સાંજના ચાર વાગ્યા બાદ મતદાન મથકો પર મતદારો મત આપવા માટે આવ્યા હતા.

આ વખતની ચૂંટણીમાં મતદારોમાં ચૂંટણીને લઈને ખાસ કોઈ ઉત્સાહ દેખાયો ન હતો. રાજકીય પક્ષોના આગેવાનો અને કાર્યકરોની હાજરી પણ ઓછી જણાઈ હતી. જિલ્લાના કેટલાક સ્થળોએ ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે સામાન્ય બોલાચાલીના બનાવોને બાદ કરતા એકંદરે શાંતિપૂર્ણ રીતે ચૂંટણી સંપન્ન થઈ હતી.

આ ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, અન્ય પક્ષોના ઉમેદવારો તેમજ અપક્ષો મળી કુલ ૧૪ ઉમેદવારોનું ભાવિ ઈ.વી.એમ. મશીનોમાં સીલ થયું હતું.

દરમિયાન મહેસાણા લોકસભા બેઠકમાં સમાવિસ્ટ ઊંઝા વિધાનસભા મત વિભાગના ઊંઝા શહેરના કોટકૂવા વિસ્તારમાં આવેલ બચપન પ્રાયમરી સ્કૂલના મતદાન મથકે બપોરના ૧૨.૩૯ કલાકે રાજ્યના મુખ્ય પ્રધાન અને વડાપ્રધાનપદના ભાજપના ઉમેદવાર નરેન્દ્રભાઈ મોદીના ધર્મપત્નિ જસોદાબેન મોદીએ મતદાન કર્યુહતુ. તેમણે મીડીયા સમક્ષ કોઈજ વાત કરી ન હતી.

## પ્રાંતિજના ૨૯ ચૂંટણી બુથો પર બીએસએનએલની વેબકાસ્ટીંગ સીસ્ટમ વચ્ચે મતદાન થયું

પ્રાંતિજ, તા. ૩૦

પ્રાંતિજમાં બી.એસ.એન.એલ. દ્વારા તાલુકાના ૨૯ જેટલા મતદાન મથકો પર વેબકાસ્ટીંગ સુવિધા મુકવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોભા, ઓરાણ, મોયદ, સલાલ મોછા, ઘડી, ઘડકણ, મજરાના સંવેદનશીલ ગણાતા કુલ ૨૯ જેટલા મતદાન મથકો પર ભારત સંચાર નિગમ લીમીટેડે સુરક્ષાના ભાગરૂપે વેબકાસ્ટીંગની સુવિધા ઉભી કરવામાં આવી હતી. મતદાન મથકો પર વેબકાસ્ટીંગ ગોઠાવાતા આ વખતે તમામ કેન્દ્રો પર શાંતિપૂર્ણ માહોલમાં મતદારોએ મતદાન કર્યુ હતું.

# ખેડબ્રહ્મા તાલુકામાં ગરમીમાં પણ મતદારોએ ઉત્સાહ દાખવ્યો

ખેડબ્રહ્મા, તા.૩૦

ગુજરાત રાજયની ૨૬ બેઠકોનું મતદાન ૩૦ એપ્રિલના રોજ યોજાયું હતું. જેમાં ખેડબ્રહ્મા તાલુકામાં ગરમીમાં પણ મતદારોએ બપોરના એક વાગ્યા સુધીમાં ૫૦ ટકા મતદાન કર્યું હતું.



ખેડબ્રહ્મા શહેરના ગામ વિસ્તારના બુથ પર બિમાર એવા કિશોરસિંહ જવાનસિંહને વ્હીલ ચેરમાં આવી મતદાન કર્યુંહતું. જયારે સ્ટેશન વિસ્તારના બુથ પર માળી સંતોષકુમાર વર્ધાજીને અકસ્માતમાં ઘાયલ થયેલ હોવા છતા પોતાના અમુલ્ય વોટની કિંમત સમજી ગરમીમાં વોટીંગ કર્યું હતું. જયારે વાસણા ગામના બુથ પર વાસણાકંપાના વયોવૃધ્ધ ૧૮ વર્ષના લાકડીના ટેકે ચાલતા અને પોતાની પાંચ પેઢી જોઈ ચુકેલ પટેલ ભાણીબેન નાનજીભાઈએ પણ વોટ આપી યુવા વર્ગને એક ઉમદા ઉદાહરણ પુરું પાડયું હતું. તેમણે અત્યાર સુધીમાં કોઈ પણ મતદાન કરવાનું ચુકયા ન હોવાનું જાણવા મળેલ હતું.

ખેડબ્રહ્મા તાલુકામાં મતદાનમાં સવારે ૯ વાગ્યા સુધીમાં ૧૯.૫૩ ટકા ૧૧ વાગે ૩૯.૨૧ ટકા અને બપોરે ૧ વાગે ૫૨.૧૪ મતદાન થયું હતું.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧